અનામત મુદ્દે કોંગ્રેસના ભાજપ-સંઘ પર પ્રહારો

ભાજપ અને સંઘ અનામતને ખતમ કરવા ઇચ્છુક : સાતવ, કોંગ્રેસના પ્રહારો

ભાજપની માનસિકતા, સુપ્રીમ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં કોંગ્રેસ દેશમાં રાજ્યવ્યાપી, જિલ્લા વ્યાપી આંદોલન છેડશે

અમદાવાદ,તા. ૧૪

ગુજરાતમાં છેલ્લા બે મહિનાથી અનામતના મુદ્દે આંદોલની ભડેકલી આગને લઇ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ આજે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજવ સાતવે અનામત મુદ્દે આજે ભાજપ અને સંઘ પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યુ હતું કે, ભાજપ અને સંઘ અનામતને ખતમ કરવાનું ષડ્યંત્ર રચી રહી છે. જેની સામે કોંગ્રેસ આગામી દિવસોમાં દેશભરમાં ઉગ્ર આંદોલન કરશે. ભાજપ ઓબીસી, એસટી, એસસી વર્ગના લોકો સાથે અન્યાય કરી રહી છે. ભાજપ દ્વારા ઉત્તરાખંડની કોર્ટમાં જે દલીલ કરવામાં આવી છે. તેનાથી હવે સ્પષ્ટ થાય છે ભાજપ અનામતને નાબૂદ કરવાના હીન પ્રયાસો કરી રહ્યું છે પરંતુ કોંગ્રેસ આ મામલે જોરદાર લડત આપી ભાજપની મનશાને પાર પડવા દેશે નહી. અમદાવાદની ટૂંકી મુલાકાતે આવેલા કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે સુપ્રીમ કોર્ટે એસસી-એસટી અનામત અંગે આપેલા એક ચુકાદા પરત્વે નારાજગી દર્શાવી હતી અને જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટનો ચુકાદો દુર્ભાગ્યપૂર્ણ છે. ભાજપની અપીલના પગલે કોર્ટે આ ચુકાદો આપ્યો છે. આ દેશમાં ભાજપની માનસિકતા અનામત વિરોધી છે. ભાજપ એસસી, એસટી અને ઓબીસીની અનામત ખતમ કરી નાંખવા માંગે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટનો જે નિર્ણય આવ્યો છે તેને કોંગ્રેસ પાર્ટી બંધારણ વિરુદ્ધનો હુમલો ગણે છે. અમે ભાજપ વિરૂધ્ધ સમગ્ર દેશમાં મોરચો ખોલીશું. ભાજપની વિચારધારા જળ-જંગલ જમીન વિરોધી છે. દલિતો વિરૂધ્ધ અત્યાચાર કરે છે તે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા રહી છે. ઉતરાખંડની ભારતીય જનતા પાર્ટી સરકારે બે દલીલો સુપ્રીમ કોર્ટમાં કરી હતી કે, સરકારી નોકરીમાં એસસી, એસટીને સરકારી નોકરીમાં હક્ક નથી. રાજ્ય સરકાર આ બંને વર્ગને અનામત આપવા નથી માંગતી તે આ દલીલ પરથી સ્પષ્ટ થાય છે. રાજીવ સાતવે આક્ષેપ કર્યો કે, વર્ષ ૨૦૧૪માં ભાજપની સરકાર બન્યા બાદ તેમણે એસસી, એસટીના હક્કો પર તરાપ મારી રહી છે. આદિવાસી અને દલિતોને જે નાણાંકીય સહાયતા મળવી જોઈએ તેમાં વિક્ષેપ થયો છે. સંઘ-ભાજપની વિચારધારા અનામત વિરોધી છે. આશરે ૪૩,૦૦૦ ઘટનાઓ દલિત અત્યાચારની નોંધાઇ છે, જે ગંભીર કહી શકાય. ઉત્તર પ્રદેશના એક તૃતિયાંશ ભાગ સાથે દેશમાં ગત વર્ષે દલિતો પર અત્યાચારની ૪૩,૦૦૦ની ઘટના બની છે. ભાજપની સરકાર બની ત્યારથી દલિતો પર અત્યાચાર કરવામાં આવી રહ્યા છે. રાજીવ સાતવે સ્પષ્ટ કર્યું કે. કોંગ્રેસ ભાજપની માનસિકતા વિરૂધ્ધ તેમ જ સુપ્રીમ કોર્ટના આ ચુકાદાના સંદર્ભમાં સમગ્ર દેશમાં રાજ્ય વ્યાપી, જિલ્લા વ્યાપી આંદોલન કરશે. અમારા નેતા રાહુલ ગાંધીએ સ્પષ્ટ વલણ અપનાવ્યું છે કે કોંગ્રેસ આ લડાઈને લડશે અને ખૂબ જ મજબૂતીથી સંઘર્ષપૂર્ણ લડત આપશે. દરમ્યાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને પ્રદેશ કોંગ્રેસ પ્રવકતા ડો.મનીષ દોશીએ પણ ભાજપ સરકાર પર પ્રહાર કર્યા હતા.

કોર્પોરેટ જગતમાં સુપ્રીમના ચુકાદાથી ખળભળાટ

વોડાઆઈડિયાના અસ્તિત્વ પર સંકટના વાદળો ઘેરાયા

નવીદિલ્હી, તા. ૧૪

૧૭મી માર્ચ સુધી એજીઆરની ચુકવણી કરવા સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓને આદેશ કર્યા બાદ બજારમાં ખળભળાટ મચી ગયો છે. કોર્પોરેટ જગતમાં પણ આજે આની ચર્ચા રહી હતી. વ્યાજ સાથે આ રકમ ચુકવવાની રહેશે. તમામ લોકો જાણે છે કે, વોડાફોન-આઈડિયા, ભારતી એરટેલ અને રિલાયન્સ જીઓ ભારતના મોબાઇલ માર્કેટમાં ૯૦ ટકા હિસ્સેદારી ધરાવે છે. એરટેલ અને વોડાફોન બંને આ આદેશ બાદ ચિંતાતુર દેખાઈ રહી છે. આ હિલચાલથી બ્રિટિશ મહાકાય કંપની વોડાફોન સાથે સંયુક્ત સાહસ ધરાવનાર વોડાફોન-આઈડિયાના અસ્તિત્વ સામે સંકટ ઉભુ થઇ ગયું છે. ઓવરડ્યુની રકમ અભૂતપૂર્વ થઇ છે. આજે આ ચુકાદા બાદ પ્રતિક્રિયા જાણી શકાય નથી પરંતુ વોડાફોન-આઇડિયા દ્વારા પહેલાથી જ કહેવામાં આવ્યું છે કે, તેના આદેશમાં સુધારો કરવાની જરૂર છે. સુધારો નહીં કરવાની સ્થિતિમાં કંપનીઓને તેમના અસ્તિત્વને ટકાવી રાખવામાં મુશ્કેલી પડશે. આ વર્ષમાં વોડાફોન-આઈડિયાની મુશ્કેલી જોરદારરીતે વધી ગઈ છે. સાથે સાથે ડોટના અધિકારીઓને પણ રિકવરી માટે સ્પષ્ટ સૂચના અપાઈ છે.

જીઓ, એરટેલ, વોડાઆઈડિયાનું ૯૦ ટકા નિયંત્રણ છે

ચુકાદાની સાથે સાથે....

- એજીઆર મામલામાં સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓ અને ડિરેક્ટરોને નોટિસ ફટકારી
- તિરસ્કારની કાર્યવાહી કેમ કરવામાં ન આવે તે અંગે ખુલાસો કરવા સૂચના આપવામાં આવી
- ટેલિકોમ્યુનિકેશન વિભાગને ૧.૪૭ લાખ કરોડ રૂપિયાની ચુકવણી કરવા સ્પષ્ટ આદેશ આપ્યો
- ૧૭મી માર્ચ સુધી રકમ જમા કરવા માટે ઓપરેટરોને સ્પષ્ટ સુચના અપાઈ
- ટેલિકોમ કંપનીઓ સામે પગલા નહીં લેવા બદલ તેના ૧૦ ઓફિસર દ્વારા આપવામાં આવેલા આદેશને પરત ખેંચી લેવા કેન્દ્ર સરકારને પણ આદેશ
- સંબંધિત અધિકારી આદેશને પરત નહીં ખેંચે તો જેલની સજા કરવામાં આવશે
- શેરબજારમાં સુપ્રીમના ચુકાદાની સીધી અસર જોવા મળી
- એજીઆર કેસમાં રિવ્યુ અરજી પહેલાથી જ ફગાવી દેવામાં આવી હોવા છતાં એક પણ રૂપિયો ચુકવાયો નથી
- ભારતી એરટેલ, વોડાફોન-આઈડિયા અને તાતા ટેલિસર્વિસ દ્વારા જાન્યુઆરી મહિનામાં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી અને પોતાના આદેશમાં સુધારો કરવા અપીલ કરી હતી
- અગાઉના ચુકાદામાં રિવ્યુની માંગ કરતી અરજી ફગાવાઈ હતી
- રિલાયન્સે ૬૦ કરોડ રૂપિયાની ચુકવણી કરી છે

જંગી રકમ ચુકવવી

નવીદિલ્હી, તા. ૧૪ : એડજસ્ટ ગ્રોસ રેવન્યુ (એજીઆર)ના મામલામાં સુપ્રીમ કોર્ટે આજે કઠોર વલણ અપનાવીને ટેલિકોમ કંપનીઓને જોરદાર ફટકાર લગાવી હતી. સુપ્રીમ કોર્ટના આ વલણના કારણે ટેલિકોમ કંપનીઓમાં ખળભળાટ મચી ગયો હતો. સુપ્રીમ કોર્ટે ટેલિકોમ કંપનીઓ અને તેમના ડિરેક્ટરોને દૂરસંચાર વિભાગ (ડોટ)ને ૧.૪૭ લાખ કરોડના એજીઆરની ચુકવણી કરવાના તેના આદેશને નહીં પાળવા બદલ તેમની સામે તિરસ્કારની કાર્યવાહી કેમ હાથ ધરવી જોઇએ નહીં તે સંદર્ભમાં ખુલાસો કરવા આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ વોડાફોન આઈડિયા, ભારતી એરટેલ અને તાતા ટેલિ સર્વિસની મુશ્કેલી વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે ૧૭મી માર્ચ સુધી આ રકમ જમા કરવા માટે ઓપરેટરોને આદેશ કરી દીધો છે. આ રકમ ૧.૪૭ લાખ કરોડની આસપાસની રહેલી છે. તાતા ટેલિ સર્વિસે તેના મોબાઈલ બિઝનેસને એરટેલને વેચી દીધો હોવા છતાં જંગી નાણાં તેને ચુકવવાના રહેશે. કઈ કંપનીને કેટલા નાણાં ચુકવવાના રહેશે તે નીચે મુજબ છે.

કંપની	ચુકવણી બાકી
વોડાફોન-આઈડિયા	૫૦૦૦૦ કરોડ
ભારતી એરટેલ	૩૫૫૦૦ કરોડ
તાતા ટેલિ સર્વિસ	૧૪૦૦૦ કરોડ

નોંધ : રિલાયન્સ જીઓએ ૬૦ કરોડ રૂપિયાની રકમ ચુકવી હતી. અન્યો કરતા આ રકમ ખુબ ઓછી છે. કારણ કંપનીએ ૨૦૧૬માં ઓપરેશનની શરૂઆત કરી હતી.

આજે કૃષ્ણ મંદિરોમાં શ્રીનાથજી પાટોત્સવ ઉજવણી

આજે સર્વાર્થ સિદ્ધિ યોગમાં શનિદેવ મંદિરોમાં પૂજા થશે

ડભોડિયા મંદિર ખાતે જુગલદાસ મહોરાજની પુણ્યતિથિ નિમિતે સંતો, મહંતો અને મહામંડલેશ્વરોનું સન્માન કરાશે

અમદાવાદ,તા. ૧૪

આવતીકાલે તા.૧૫ ફેબ્રુઆરી શનિવારના રોજ અનોખા સર્વાર્થ સિધ્ધિ યોગ બની રહ્યો છે. જેને લઇ અમદાવાદ શહેર સહિત રાજયભરના શનિદેવ, હનુમાનજી દાદાના મંદિરો સહિતના મંદિરોમાં વિશેષ પૂજા, આરતી અને અર્ચનાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, સર્વાર્થ સિધ્ધિ એવા આ યોગમાં કરવામાં આવતા પૂજા-પાઠ અને શુભ કામ જલ્દી સિધ્ધ થઇ શકે છે, તેથી આ યોગ ઘણો મહત્વનો મનાઇ રહ્યો છે. બીજીબાજુ, આજે ગાંધીનગર જિલ્લાના સુપ્રસિધ્ધ ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે જુગલદાસજી મહારાજની પુણ્યતિથિ હોઇ આ પ્રસંગે સંતો, મહંતો અને મહામંડલેશ્વરોનું વિશેષ આદર, સન્માન અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડભોડિયા હનુમાનજી મંદિરના ટ્રસ્ટી રાજુભાઇ ગજ્જર, બળદેવજી પરમાર, હીરાભાઇ પટેલ, પૂજારી રાજુભાઇ મહેતા સહિતના મહાનુભાવો દ્વારા અમદાવાદ, ગાંધીનગર સહિત રાજયના જુદા જુદા સ્થળોએથી આવેલા સાધુ-સંતો, મહંતો અને મહામંડલેશ્વરોનું શાલ ઓઢાડી સન્માન કરાયું હતું અને તેઓને દાન-દક્ષિણા અર્પણ કરાયા હતા. તો, મંદિર પ્રાંગણમાં સાધુ-સંતો, મહંતો અને મહામંડલેશ્વરો માટે ભોજન-પ્રસાદ(ભંડારા)નું વિશેષ આયોજન કરાયું હતું. આવતીકાલે શ્રીકૃષ્ણ મંદિરો, વૈષ્ણવ હવેલીમાં શ્રીનાથજી પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આવતીકાલે શનિવારે સર્વાર્થ સિધ્ધિ યોગ હોઇ શહેરના દૂધેશ્વર વિસ્તારમાં આવેલા અતિ પ્રાચીન અને ચમત્કારિક એવા શનિમંદિર, શાહીબાગના શનિમંદિર, થલતેજ વિસ્તારમાં આવેલા વૈભવલક્ષ્મી મંદિર ખાતેના શનિમંદિર, સાલ હોસ્પિટલની સામે આવેલા શનિદેવ મંદિર, સોલારોડ પર આવેલા કાંકરિયા હનુમાનજી ખાતેના શનિદેવ મંદિર, વૈષ્ણોદેવી સર્કલ ખાતે મારૂતિનંદન મંદિરમાં શનિદેવ મંદિર સહિતના વિવિધ શનિદેવ મંદિરોમાં વિશેષ પૂજા અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ જ પ્રકારે શહેરના વિવિધ હનુમાનજી દાદાના મંદિરો સહિતના અન્ય મંદિરોમાં પણ વિશેષ પૂજા-અર્ચનાનું આયોજન થયું છે. જયોતિષાચાર્યોના મતે, ખૂબ જ લાભકારક એવા આ સર્વાર્થ સિધ્ધિ યોગમાં મોટાભાગના લોકો તેમના નવા અને શુભ કાર્યોની શરૂઆત કરવાનું પસંદ કરે છે. શનિવારે આ યોગ હોવાથી આ દિવસે શનિની વિશેષ પૂજા કરવી જોઇએ. નવ ગ્રહોમાં શનિદેવને ન્યાયાધીશ માનવામાં આવે છે. આ ગ્રહ જ આપણાં સારા-ખરાબ કર્મોનું શુભ-અશુભ ફળ પ્રદાન કરે છે. શનિદેવ સૂર્યદેવના પુત્ર છે. આવતીકાલે શ્રધ્ધાળુઓએ શનિદેવને તેમને પ્રિય વાદળી ફુલ અર્પણ કરી તેલનો અભિષેક કરી તેમના આર્શાવીદ મેળવવા જોઇએ.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ યાત્રાને લઈને તંત્ર સજ્જ છે અને તમામ જગ્યાઓએ રોડ રસ્તાઓને વ્યવસ્થિત કરીને રંગરોગાણની પ્રક્રિયા ચાલી રહી છે.

શનિદેવની પૂજામાં ધ્યાન રાખવાની બાબતો.....

- શનિ પૂજા કરતી વખતે તાંબાના વાસણનો ઉપયોગ કરવો જોઇએ નહી. તાંબું સૂર્યની ધાતુ છે. શનિ અને સૂર્ય એકબીજાને દુશ્મન માને છે. તેમની પૂજામાં લોખંડના વાસણનો જ ઉપયોગ કરવો જોઇએ. લોખંડ અથવા માટીનો દીવો પ્રગટાવવો, લોખંડના વાસણમાં ભરીને તેલ ચઢાવવું.
- શનિદેવને લાલ કપડાં અને લાલ ફૂલ ચઢાવવા નહી, આ વસ્તુઓ મંગળ ગ્રહ સાથે સંબંધિત છે. આ ગ્રહ પણ શનિનો દુશ્મન છે. શનિદેવની પૂજામાં કાળા અથવા વાદળી રંગની વસ્તુઓનો ઉપયોગ કરવો શુભ રહે છે. શનિદેવને વાદળી ફૂલ ચઢાવવા જોઇએ.
- શનિદેવ પશ્ચિમ દિશાના સ્વામી છે, એટલે તેમની પૂજા કરતી વખતે અથવા શનિ મંત્રનો જાપ કરતી વખતે ભક્તનું મુખ પશ્ચિમ દિશામાં જ હોવું જોઇએ. શનિ મંત્ર ૐ શં શનૈશ્ચરાય નમઃ મંત્રનો જાપ કરો.

એચડીએફસીના SLI નાબાર્ડ દ્વારા સન્માનિત

અમદાવાદ,તા. ૧૪

એચડીએફસી બેંકના સસ્ટેનેબલ લાઇવલીહૂડ ઇનિશિયેટિવ (એસએલઆઈ) પ્રોગ્રામ મારફતે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાયી આજીવિકાનું સર્જન કરવાના બેંકના ચીરસ્થાયી પ્રયત્નોને બિરદાવવા માટે બેંકના એસએલઆઈ વિભાગને નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) દ્વારા જોઇન્ટ લાયેબિલિટી ગ્રુપ (જેએલજી) ક્રેડિટ લીકિજમાં શ્રેષ્ઠ કાર્યદેખાવ કરવા બદલ પુરસ્કૃત કરવામાં આવ્યો છે. જે બેંકની વધુ એક નોંધનીય સિધ્ધિ મનાઇ રહી છે. એચડીએફસી બેંકના એસએલઆઈ વિભાગના ગુજરાત ખાતેના સર્કલ હેડ શ્રી પ્રસન્ના ભટ્ટે ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી તથા ગુજરાત સરકારના કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુના હસ્તે પુરસ્કાર સ્વીકાર્યો હતો. નાબાર્ડ દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવેલ સ્ટેટ ક્રેડિટ સેમીનાર દરમિયાન આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પોતાના એસએલઆઈ પ્રોગ્રામના ભાગરૂપે એચડીએફસી બેંકએ વર્તમાન નાણાકીય વર્ષમાં જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં લગભગ ૧૫,૧૩૩ ખાતાધારકોને તથા તેના પ્રારંભથી અત્યાર સુધીમાં એકંદરે ૭૮,૭૨૭ ખાતાધારકોને લોન પૂરી પાડી છે. આ કાર્યક્રમ હેઠળ ઉક્ત સમયગાળા દરમ્યાન બેંક દ્વારા ૨૪૩.૯૬ રોડ રૂપિયાની રકમ લોન પેટે ચૂકવવામાં આવી હતી. એચડીએફસી બેંકે મહિલાઓના સશક્તિકરણ અને ઉત્થાન માટે ગુજરાતના ૩૨ જિલ્લામાં ૬૭ સ્થળોએ આવેલા ૫,૦૬૭ ગામડાંઓને આવરી લીધાં છે.

વહીવટીતંત્ર પાસેથી જવાબની માંગ

ઉંમર અબ્દુલ્લા : બહેનની અરજી મુદ્દે જવાબની માંગ

નવી દિલ્હી, તા.૧૪

જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી-નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને કસ્ટડીમાં લેવાના મામલામાં સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રને નોટિસ આપી દીધી છે. ઓમર અબ્દુલ્લાની બહેન સારા અબ્દુલ્લા પાયલોટને લોક સુરક્ષા કાનૂન હેઠળ પોતાના ભાઈ ઓમર અબ્દુલ્લાની કસ્ટડીને પડકાર ફેંક્યો હતો. કોર્ટે જમ્મુ કાશ્મીર વહીવટીતંત્રને બીજી માર્ચ સુધી જવાબ આપવા માટે આદેશ કર્યો છે. અલબત્ત સારા અબ્દુલ્લાએ મામલા પર કોઇ તરત ચુકાદો આપવા રજૂઆત કરી હતી જેને લઇને કોર્ટે તેમની વાત સ્વિકારી નથી. આનો મતલબ એ થયો કે, ઓમર અબ્દુલ્લાને હજુ બીજી માર્ચ સુધી કસ્ટડીમાં રહેવાની જરૂર રહેશે. ઓગસ્ટ મહિનામાં કલમ ૩૭૦ની નાબૂદી બાદથી જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને મહેબુબા નજરકેદમાં છે.

જાહેર નિવિદા નંબરઃ05/2019-20

આથી કાલીબેલ રેંજ ધ્વારા ચાલુ વર્ષે વિવિધ યોજના હેઠળ રૂ.5 લાખની મર્યાદામાં જુદા જુદા બાંધકામોની કામગીરી માટે આ કામના અનુભવ ધરાવતા ઈજારદારો/સંસ્થાઓ તરફથી ભાવો મંગાવવામા આવે છે. કામની કોરી ટેન્ડર કોપી તા.15-02-2020 થી તા.24-02-2020 સુધીમાં નિયત ટેન્ડર ફી જમા કરી ટેન્ડર ફોર્મ મેળવી લેવાની રહેશે. અને ભરેલ ટેન્ડર કોપી તા.25-02-2020 સુધીમાં નીચેના સરનામે બંધ કવરમા ટપાલ અથવા રૂબરૂ પહોંચતા કરવાના રહેશે. તમામ કામગીરી ટેન્ડરની શરતોને આધિન રહેશે. સદરહુ કામગીરીના ટેન્ડર રેંજ કક્ષાએ તા.26-02-2020 ના રોજ કચેરી સમય દરમ્યાન રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, કાલીબેલ ખાતે ખોલવામાં આવશે.

સરનામુઃ
રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી,
કાલીબેલ.તા.વઘઈ જિ.ડાંગ પીન.394715

સહી/-અવાચ્ય
રેંજ ફોરેસ્ટ ઓફિસર
કાલીબેલ

ગુજરાત રાજ્ય
નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ટેન્ડર નોટીસ નં.૧૫ સને ૨૦૧૯-૨૦

ગુજરાત રાજ્યના મા.રાજ્યપાલશ્રી વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં.૧,મધુબન કોલોની તરફથી " વી.આઈ.પી.રેસ્ટ હાઉસ તથા કોલોની મેન્ટેનન્સને લગતાં કુલ કુલ ૧૩ કામો જેની અંદાજીત રકમ રૂ.૨.૮૭ લાખ થી રૂ.૪.૮૯ લાખ સુધીની છે.આ કામો માટે ગુજરાત સરકારમાં માન્ય ઈજારદાર તરીકે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી બી-૧ ફોર્મમાં ભાવો મંગાવવામાં આવે છે.આ કામોના કોરા ટેંડરો આપવાની છેલ્લી તા.૨૪.૦૨.૨૦૨૦ .ના રોજ ૧૬.૦૦ કલાક સુધી તથા ભરેલ ભાવપત્રકો સ્વિકારવાની છેલ્લી તારીખ.૨૯.૦૨.૨૦૨૦ના રોજ ૧૬.૦૦ કલાક સુધી છે.

નોંધઃ-એક અગર તો બધાંજ ટેન્ડરો સ્વિકારવા કે નકારવાનો અબાધિત હક્ક કાર્યપાલક ઈજનેરશ્રીને રહેશે. જેના માટે કોઈ કારણ આપવામાં આવશે નહિ.

નં.માહિતી/વલસાડ/૯૬૦/2020

મલ્ટિબેસ ઇંડિયા લિમિટેડ
multibase
રજિ.ઓફિસઃ ૭૪/૫-૬ દમણ ઔદ્યોગિક એસ્ટેટ, કડૈયા ગામ, નાની દમણ:૩૯૬૨૩૦ (કેન્દ્રશાસિત પ્રદેશ) ● **ટેલ.:** (0260) 6614400; ● **ફેક્સઃ** (0260) 2221578;
વેબસાઈટઃ www.multibaseindia.com ● **ઈ-મેઈલઃ** compliance.officer@multibaseindia.com
● **CIN નંબરઃ** L01122DD1991PL002959

૩૧ મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસિક અને નવ મહિનાના અંતે અનઓડિટેડ નાણાકીય પરિણામોનું સ્ટેટમેન્ટ

ક્ર. નં.	વિગત	ક્વાર્ટર 31 ડિસેમ્બર, 2019ના રોજ સમાપ્ત (અનઓડિટેડ)	ક્વાર્ટર 30 સપ્ટેમ્બર, 2019ના રોજ સમાપ્ત (અનઓડિટેડ)	ક્વાર્ટર 31 ડિસેમ્બર, 2018ના રોજ સમાપ્ત (અનઓડિટેડ)	૩૧ ડિસેમ્બર, 2019ના રોજ પૂરા થયેલા નવ મહિના (અનઓડિટેડ)	૩૧ ડિસેમ્બર, 2018ના રોજ પૂરા થયેલા નવ મહિના (અનઓડિટેડ)	૩૧ માર્ચ, 2019ના રોજ પૂરા થયેલા વર્ષ માટે (અનઓડિટેડ)
1	કામગીરીમાંથી કુલ આવક	1,434.59	1,552.00	2,853.94	4,618.69	8,832.45	10,993.96
2	સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકસાન (કર પહેલાં, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ ★ પહેલાં)	139.56	224.36	428.70	732.63	1,618.27	2,177.71
3	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / નુકસાન (અપવાદરૂપ અને/અથવા અસામાન્ય વસ્તુઓ પછી★)	139.56	224.36	428.70	732.63	1,618.27	2,177.71
4	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો /નુકસાન (અપવાદરૂપ અને/અથવા અસામાન્ય વસ્તુઓ પછી★)	95.51	191.14	296.55	547.92	1,143.05	1,535.52
5	કુલ વ્યાપક આવક (કર પછીનો નફો (નુકસાન) અને કર પછીની અન્ય વ્યાપક આવક)	94.59	190.35	296.55	545.42	1,143.05	1,532.37
6	ઇક્વિટી શેર મૂડી (શેરની કિંમતઃ ₹10 / -)	1,262.00	1,262.00	1,262.00			1,262.00
7	અન્ય ઇક્વિટી						8,659.62
8	ઇક્વિટી શેર દીઠ કમાણી ₹ (i) મૂળભૂતઃ (ii) પાતળુંઃ	0.76 0.76	1.51 1.51	2.35 2.35			12.17 12.17

નોંધઃ
૧ ઉપરોક્ત સેબીના નિયમન 33 (લિસ્ટિંગ ઓબિગિગેશન્સ એન્ડ ડિસ્ક્લોર જરૂરીયાતો) રેગ્યુલેશન, 2015 હેઠળ સ્ટોક એક્સચેન્જોમાં ફાઇલ કરેલા અનઓડિટેડ એડિશનલ ફાઇનાન્સિયલ વિગતવાર બંધારણનો એક અર્ક છે. 31 ડિસેમ્બર, 2019ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિનાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ બંધારણ, 2019 સ્ટોક એક્સચેંજ વેબસાઇટ (www.bseindia.com) અને કંપનીની વેબસાઇટ (www.multbaseindia.com) પર ઉપલબ્ધ છે.

સ્થળઃ મુંબઈ
તારીખઃ 13 ફેબ્રુઆરી, 2020

બોર્ડ વતી
સહી/-
દિપક ધનક
(વહીવટી સંચાલક)
(DIN 03157491)